આદિવાસી વિસ્તારની આંગણવાડીઓને આપવામાં આવતો તેલનો જથ્થો સગેવગે કરવાનું કૌભાંડ

બુબડીયાના છાપરા આંગણવાડી કેન્દ્રને ફાળવેલા તેલના ૪ ડબા ગાયબ : વાડ ચીભડાં ગળતી હોય તેમ આંગણવાડી કાર્યકરે તેલના ડબા સગેવગે કરવા દુકાનમાં ઉતાર્યા : જાગૃત નાગરિકોએ તેલ સગેવગે થતાં અટકાવ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭ - ખેડબ્રહ્મા તાલુકાની નવામાંટા બબડીયાના છાપરા આંગણવાડી કેન્દ્ર-૧ને ફાળવવામાં આવેલા તેલના ડબા પૈકી ૪ તેલના ડબા ખાનગી દુકાનમાં ઉતારી સગેવગે કરવાના ષડયંત્રનો જાગૃત નાગરિકે પ્રયાસ કરી તેનો વિડીયો ઉતારી લેતાં સરકારી તંત્ર હરકતમાં આવ્યું છે. લાંબા સમયથી ચાલતા તેલ સહિતના જથ્થાને સગેવગે કરવાના કૌભાંડની ન્યાયિક તપાસ થશે તો સસ્તા અનાજની દુકાનની જેમ જ રાજ્ય વ્યાપી મોટું કૌભાંડ પ્રકાશમાં આવી શકે છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાની કેટલાક આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને પૌષ્ટીક ભોજન માટે આપવામાં આવતા તેલ, કઠોળ સહિતનો જથ્થો બારોબાર સગેવગે થતાં હોવાની ફરિયાદો તંત્ર સમક્ષ થઈ હતી પરંતુ યોગ્ય લક્ષ આપવામાં આવતું ન હતું. ખેડબ્રહ્મા તાલુકાની નવામોટા બુબડીયાછાપરા આંગણવાડી-૧ કાર્યકર દ્વારા તેલનો જથ્થો સગેવગે થતો હોવાની ફરિયાદ સી.ડી.પી.ઓ.. નાયબ મામલતદાર(પુરવઠા) સમક્ષ થયા પછી પણ કોઈ પગલાં ન ભરાતાં જથ્થો સગેવગે કરવાના કૌભાંડને પકડી પાડવા માટે જાગૃત નાગરિકે મોબાઈલમાં વિડીયો ઉતારવાનો નિશ્ચય કર્યો હતો, ગત રોજ આંગણવાડી કેન્દ્ર માટે ૧૫ ડબા તેલનો જથ્થો ફાળવવામાં આવ્યો હતો જે ખેરોજ સેવા મંડળીમાંથી લીધા પછી ટ્રેક્ટર મારફતે જથ્થો રવાના થયો ત્યારબાદ આંગણવાડી કાર્યકરે નિયત સ્થળે તેલના ૧૫ ડબાં ઉતારવાના હતા પરંતુ ખેરોજ ગામની જ કાપડની દુકાનમાં ૪ ડબા તેલનો જથ્થો ઉતાયનો વિડીયો ઉતારી લેવામાં આવ્યો હતો અને ત્યારબાદ સરકારી તંત્રને જાણ કરતાં તંત્રમાં હલચલ મચી ગઈ છે. સમગ્ર પ્રકરણની ન્યાયિક તપાસ થાય તો આંગણવાડી કેન્દ્રમાં ફળવાતા જથ્થાના બારોબારીયું કરવાના કૌભાંડમાં સી.ડી.પી.ઓ. કચેરીથી માંડી પુરવઠા વિભાગની સંડોવણી બહાર આવે તેમ છે. રાજ્ય સરકારે આ સમગ્ર પ્રકરણને ગંભીરતાપૂર્વક લઈ ઉચ્ચ કક્ષાએથી તપાસ કરાવવી જોઈએ તેવી સ્થાનિક કેટલાક લોકોએ માંગ કરી છે.

૫ વર્ષથી જથ્થો બારોબાર વેચી મારવામાં આવતો હોવાના આક્ષેપ

ખેડામાં તાલુકાના નવામોટા બુબડીયાછાપરા આંગણવાડી-૧માં મોકલવામાં આવેલ તેલના ડબાં બારોબાર સગેવગે કરવાનું ષડયંત્ર ઝડપાયું છે. ખુદ આંગણવાડી કેન્દ્રના મહિલા કાર્યકર સામે ગંભીર આક્ષેપો બાદ છેલ્લા ૫ વર્ષથી આજ પ્રકારે આંગણવાડીનો જથ્થો બારોબાર વેચી દેવામાં આવતો હોવાના કરી સનસની ખેજ આક્રોપ થયા છે.

મને મેસેજ મળ્યા છે, જઈને તપાસ કરીશ - સી.ડી.પી.ઓ.

ખેડબ્રહ્મા ઘટક-૨ ના ઈન્ચાર્જ સી.ડી.પી.ઓ. અલ્પાબેન પટેલે જણાવ્યું કે તાલુકાના નવામોટા બુબડીયાછાપરા આંગણવાડી કેન્દ્ર-૧માં મોકલવામાં આવેલા તેલના ડબામાંથી ૪ ડબા કોઈ દુકાનમાંથી જાગૃત નાગરિકોએ પકડવા છે તેવા મને મેસેજ મળ્યા છે. હું હિંમતનગર છું એટલે જઈને તપાસ કરીશ.

પાલનપુર નગરપાલિકામાં ભયમુક્ત ભ્રષ્ટાચાર: રૂ.૪ કરોડનું ટેન્ડર ગેરકાયદે રદ કરાતા ચકચાર

પોતાના મળતીયા કોન્ટ્રાક્ટરને ટેન્ડર ફાળવવા ટેન્ડર રદ કરાયું હોવાની રાવ

પાલનપુર નગરપાલિકામાં ભયમુક્ત ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાની બુમરાણ મચી છે. ત્યારે રૂ.૪ કરોડના રસ્તાના કામનું ટેન્ડર ખોલી કામ ફાળવી દીધા બાદ પોતાના મળતીયાઓને ટેન્ડર ન લાગતા ટેન્ડર રદ કર્યું હોવાની ગંભીર હકીકતો બહાર આવતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર નગરપાલિકામાં સત્તાની ખેંચતાણ વચ્ચે ભાજપ સંગઠનની નાક નીચે ગેરરીતિઓ આચરાતી હોવાની રાવ ઉઠી છે. જેમાં બાંધકામ કમિટીમાં ટેન્ડર રદ કરવાની પ્રક્રિયાએ ભારે ચકચાર જગાવી છે. જેમાં રૂ.૪ કરોડના રસ્તાના કામોનું ટેન્ડર બહાર પડાયું હતું. જે ટેન્ડર ખોલ્યા બાદ ટેન્ડર પોતાના મળતીયા કોન્ટ્રાક્ટરને ન લાગતા તે ટેન્ડર રદ કરવાની પ્રક્રિયાએ ચકચાર મચાવી છે. જેમાં ડોક્યુમેન્ટ વેરીફાઈ કર્યા હોવા અંગેની પાલિકા પ્રમુખ, ઉપ પ્રમુખ, બાંધકામ ચેરમેનની સહીઓ હોવા છતાં પાછળથી સોલવંશી સર્ટી ને લઈને ગેરકાયદેસર રીતે ટેન્ડર રદ કરાયું હોવાની વિગતો બહાર આવી છે. ટેન્ડર ખુલ્યા બાદ આવી ક્ષતિઓ બહાર કાઢવા પાછળનો આશય જ સાબિત કરે છે કે, પાલિકાના શાસકો ભ્રષ્ટાચારને ઉત્તેજન આપી રહ્યા છે. હવે ટેન્ડર રદ કરી પોતાના મળતીયા કોન્ટ્રાકટરને કામ આપવાનું ષડયંત્ર રચાયું છે. જેમાં પણ મોટી રકમની ખાયકી થઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. વળી, આમાં સંગઠનના હોદ્દેદારો પણ પોતાનો લાભ લેવા માટે સમગ્ર પ્રકરણમાં આંખ આડા કાન કરી રહ્યા હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે. ત્યારે ભાજપની ઈજ્જતની ધૂળધાણી કરતા બેલગામ બનેલા શાસકોને ભાજપ હાઈકમાન્ડ લગામ લગાવે તેવી લાગણી ખુદ શાસક પક્ષના નગરસેવકો પણ વ્યક્ત કરી રહ્યા છે.

પાલનપુરમાં કોરોના કાળ બાદ હનુમાન જન્મ મહોત્સવની ઉજવણી

કોરોના કાળ બાદ પાલનપુરના કંથેરીયા હનુમાન મંદિર ખાતે હનુમાન જન્મોત્સવની ઉજવણી કરાઈ હતી. જે નિમિત્તે હનુમાનદાદાનો હવન યોજવામાં આવ્યો હતો. જેમાં કોરોના મહામારીથી વિશ્વ મુક્ત થાય તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, કોરોના કાળના અઢી વર્ષ બાદ આજે હનુમાનજીના પ્રાગટયદિનની પાલનપુર ખાતે ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. હનુમાનજીના મંદિરોએ આજે વિશેષ હવન સહિતની પૂજા-આરાધના કરવામાં આવે છે. જેમાં છેલ્લા ૪૨ વર્ષથી શહેરના કંથેરીયા હનુમાનજીના મંદિરે હવન યોજવામાં આવે છે. ત્યારે આજે હનુમાન જયંતિ નિમિત્તે પણ કોરોનાની મહામારીથી માનવજાતને બચાવવાની પ્રાર્થના કરાઈ હતી. આ અંગે વધુ વિગતો આપતાં કથેરીયા હનુમાન મંદિરના મહંત પરમ પૂજ્ય ક્ષિપ્રાગિરીબાપુ પરમ પૂજ્ય શિવગીરી બાપુ એ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે, પાલનપુર નવાબે બંધાવેલ શ્રી કંથેરીયા હનુમાનજી મંદિર ભક્તો માટે અનેરી આસ્થાનું કેન્દ્ર છે. અહીં આજે હવન, પૂજન, ભંડારો સહિત લોકડાયરાનું પણ આયોજન કરાયું હતું. જેમાં સૌરાષ્ટ્ર કાઠિયાવાડ ના ભજનિક કલાકારો દ્વારા ધાર્મિક ગીતો અને ભજનોની મોડી રાત સુધી રમઝટ બોલાવી હતી.

પોગલુ ગામ સહિત પ્રાંતિજ તાલુકો તથા જિલ્લાનું ગૌરવ

પોગલુનો ગરીબ પરિવારનો દિકરો MBBS, MD થઈ વધુ અભ્યાસ DM માટે મુંબઈ જશે : ગરીબ પરિવાર નો દિકરો ડૉકટર બન્યો

પ્રાંતિજ તાલુકાના પોગલુ ગામનો ગરીબ પરિવાર નો દિકરો ડૉકટર કેયુર ભુપેન્દ્રભાઈ શાહ એ તેનુ અને તેના માતા-પિતા નું સ્વપ્નુ સાકાર કર્યુ માત્ર ૨૭ વર્ષ ની નાની ઉંમરે પોતે સમ્મ્જી ભૂજ ખાતે પાંચવર્ષ , સ્ઢ જર્નલ મેડિસિન સરકારી હોસ્પિટલ જામનગર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમા ગવર્મેન્ટ મા જી.જે હોસ્પિટલ મા ત્રણ વર્ષ અભ્યાસ કરી હાલ ડૉ.કેયુર શાહ મુંબઈ ખાતે ઢ્સ ના અભ્યાસ અર્થે જઇ રહ્યો છે તો ડૉ.કેયુર શાહ ના પિતા પોગલુ ગામમાંજ ભાડે જગ્યા રાખીને એક કરીયાણા નો ગલ્લો ચલાવી વેપાર કરતા અને તેની માતા ઘરે ઘરકામ કરતી તો નાનપણ થીજ માતા-પિતા દ્વારા એક ના એક પુત્ર ને ભણાવવા રાત્રી દિવસ મહેનત કરતા અને પોતાનો એક ના એક પુત્ર ડૉકટર બને તેવી આશા સેવી રહ્યા હતા ત્યારે પુત્ર ડૉ.કેયુર શાહ પણ ડૉકટર બનવાની અને માતા-પિતા ની ઈચ્છા પૂર્ણ કરવા રાત્ર-દિવસ અભ્યાસ કરતો અને આખરે માતા-પિતા અને પુત્ર ની મહેનત રંગ લાવી હતી અને પુત્ર કેયુર ડૉકટર બન્યો તો પિતા ભુપેન્દ્રભાઈ ને લકવો પડતા માતા ગલ્લો ચલાવતા હતા પણ કોરોના કારમા પિતા ને વધુ તકલીફ પડતા ડૉ.કેયુર ગલ્લો બધ કરવાની પિતા ભુપેન્દ્રભાઈ તથા માતા પુષ્પાબેન ને તેમની પાસે જામનગર લઈ ગયો હતો અને સ્ઢ નો ત્રણ વર્ષ નો અભ્યાસ બાદ ડૉ.કેયુર મુંબઈ ખાતે ઢ્સ ના અભ્યાસ અર્થે ક્રિટિકલ કેરે મેડિસિન મુંબઈ ખાતે જતો હોય તે પોતાના માતા-પિતાને ત્યા સાથે લઈ જાય છે ત્યારે હાલતો પુત્ર એ પોતાના માતા-પિતાનુ સ્વપ્નુ પુણ કરતા માતા-પિતા ના ચહેરા ઉપર ખુશી જોવા મળી હતી અને પિતાની આંખોના ખુશીના આશુ જોવા મળ્યા હતા તો ડૉ.કેયુર શાહ નુ કહેવુ છેકે મને ફાયનાન્સલી મદદત મારા મામા અને મારા મામા ના દિકરાઓએ મને હિમત આપી અને તેવોના સપોટ ને લીધે આજે હુ મારુ અને મારા માતા-પિતા નુ સ્વપ્નુ સાકાર કયુ છે ત્યારે હાલતો ડૉ.કેયુર શાહએ પોતાના માતા-પિતા કુટુંબ અને સમાજ ની સાથે પોગલુ ગામ અને પ્રાંતિજ તાલુકા સહિત સાબરકાંઠા જિલ્લા નુ નામ પણ રોશન કર્યુ છે તેમ કહીએ તો નવાઈ નહી.

જન્મદિને વધામણી

પ્રકાશ પ્રજાપતિ
બાયડ જીલ્લો અરવલ્લી

સચિન શાહ, પત્રકાર
સાઠંબા તા.બાયડ

હીટ સ્ટ્રોક : સાબરકાંઠા, અરવલ્લીમાં ૧૫,૦૦૦ લોકોને અસર થઈ....

ઝાડા-ઊલટીના કેસ વધતાં તંત્ર હરકતમાં આવ્યું : ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓનો ધસારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

છેલ્લા ૫ દિવસથી કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. હીટવેવના કારણે સાબરકાંઠા, અરવલ્લીના ૧૫૦૦૦થી વધુ લોકો બિમાર પડ્યા છે. ગરમી પ્રકોપ પ્રાણઘાતક સાબિત થાય તેવી દહેશત ઉભી થઈ છે. સાબરકાંઠા-અરવલ્લી આરોગ્ય તંત્રને એક સપ્તાહમાં હીટ સ્ટ્રોકના ૧૯૩ કેસ નોંધાયાનું જાણવા મળ્યું છે. ગરમી પ્રકોપએ જનજીવનને છીન્ન ભીન્ન કરવાની સાથે ધંધા-રોજગારને ચોપટ કરી નાખ્યા છે. અસહ્ય ગરમીથી અનેક લોકોએ ફરવા જવાનું ટાળી દેતાં પ્રવાસન ઉદ્યોગને મોટો ફટકો પડ્યો છે. રવિવારે પણ સાબરકાંઠા, અરવલ્લીમાં સનસ્ટ્રોકનું મોજુ હાવિ રહ્યું હતું. લમણા શેકી નાખતી ગરમીના કારણે બપોરે માર્ગો સૂમસામ બની ગયા હતા. તાપમાનનો પારો ૪૧ ડીગ્રીને પાર કરી ગયો છે પરંતુ અગાઉ કરતાં ૧ થી દોઢ ડીગ્રી તાપમાન ઘટ્યું છે પરંતુ ધૂળની ડમરીયો ઉડાડતા પવનના કારણે તાપમાન વધુ હોવાનું પ્રજાએ અનુભવ્યું હતું. અસહ્ય ગરમીએ ભૂગર્ભ જળસ્ત્રોતને માઠી અસર પહોંચાડી છે. જે તળાવો, જળાશયોમાં પાણી હતાં તેમાં પણ અસહ્ય ગરમીના કારણે આચમનની સ્થિતિમાં આવી ગયાં છે. ટૂંકમાં ગરમી પ્રકોપે માનવ જીવનને ઘમરોળી નાખતાં માત્ર ૩ દિવસમાં ૧૫૦૦૦થી વધુ લોકો ઝાડા-ઊલટીની ઝપેટમાં આવી ગયા છે. અરવલ્લી જિલ્લા આરોગ્ય તંત્રએ અસહ્ય ગરમીના કારણે ઝાડા-ઊલટીના કેસમાં વધારો થયાનું સ્વીકાર્યું છે. ખાસ કરીને બાળકો માટે અસહ્ય ગરમી પીડાદાયક સાબિત થઈ રહી છે. ગરમીના કારણે પ્રજાની ખોરાક શક્તિમાં પણ ઘટાડો નોંધાયો છે.

સુરજ દાદાની દે ધનાધનવાળી..!!

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં દૈનિક પાંચ લાખ લીટર છાશનું વેચાણ

અસહ્ય ગરમીથી દહીં ખાટાં થવા લાગ્યાં, લસ્સીવાળાના ત્યાં રકજકના કિસ્સા વધ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

ગરમીના ધ્રુજારાથી પ્રજા ભયભીત છે. પશુ, પક્ષીઓના અકુદરતી મોતમાં વધારો થયો છે. ગરમીથી બચવા કાળા માથાનો માનવી દરરોજ નવા નુસ્ખા અપનાવે છે. ઉનાળાનો એક દિવસ પસાર થયો એટલે વર્ષ વિત્યા જેવો અહેસાસ કરતો હોય છે. કાળઝાળ ગરમીમાં માત્ર શરીરને ઠંડક આપે તો માત્ર છાશ જ..!! જિલ્લાના કચ્છી પરિવારો છાશના કાયમી બંધાણી છે. કેટલાક ઓળખીતા મિત્રોના ત્યાં તેઓ છાશ મોકલતા પરંતુ ઉનાળામાં છાશની માંગ વધ્યા પછી ઘરમાં જ વપરાઈ જાય છે. સાબર ડેરી તેમજ ખાનગી ડેરીઓમાં પણ ઉનાળાના કારણે છાશની માંગમાં બમ્પર ઉછાળો આવ્યો છે. જિલ્લામાં દૈનિક પાંચ લાખ લીટર છાશનું વેચાણ થઈ રહ્યાનું જાણવા મળ્યું છે. કાળઝાળ ગરમીમાં લૂ લાગવાના બનાવ વધી જતા હોય છે. બાળકો તથા વૃદ્ધો અસહ્ય ગરમી સહન ન થાય એટલે ઝાડા-ઊલટી થઈ જતા હોય છે. આકરા ઉનાળામાં ઝાડા-ઊલટી ઘણીવાર પ્રાણઘાતક સાબિત થતી હોય છે. જિલ્લામાં સેવાભાવી સંસ્થાઓ, વ્યક્તિઓ દ્વારા ગરમીમાં વટે માર્ગુ તેમજ આમ ગરીબ પ્રજાને બચાવવા માટે છાશ વિતરણ કેન્દ્રો શરૂ કર્યા છે. જ્યારે છાશ પીવાથી પાચન શક્તિ પણ વધી જતી હોય છે. ઉનાળો શરૂ થયો ત્યારથી છાશ-દહીંનું વેચાણ રોકેટ ગતિએ ઉંચકાયું છે પરંતુ પાછલા સપ્તાહની ગરમીએ વહીવટી તંત્રને પણ ચિંતામાં લાવી દીધો છે. જ્યારે જિલ્લામાં ખાનગી ડેરી ઉપરાંત હજારો દુગ્ધાલયોમાંથી પણ લાખો લીટર છાશનું વિતરણ થતું હોવાથી સાબરકાંઠા-અરવલ્લીમાં કાળઝાળ ગરમીએ છાશની માંગમાં ઉછાળો લાવી દીધો છે. છાશ ઉપરાંત પ્રજા અસહ્ય ગરમીથી બચવા પીણા તરીકે લસ્સીનો ઉપયોગ કરતી થઈ છે. અસહ્ય ગરમીના કારણે દહીં વધારે પડતું ખાટું થઈ જાય છે જેના કારણે લસ્સીવાળા તેમજ ગ્રાહકો વચ્ચે ચકમક ઝરવાના દ્રશ્યો આકરા ઉનાળાએ ઉભા કરી દીધા છે.

ખેતીને ઉદ્યોગનો દરજ્જો..!! : જિલ્લામાં સિંચાઈની માળખાગત સુવિધા અંધાધૂંધ

સવલતો પૂરી થયા પછી જ ખેતીને ઉદ્યોગ જેટલી જાકમજોળ મળી શકે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

રાજ્ય અને કેન્દ્ર સરકાર ખેડૂતને સમૃદ્ધ બનાવવાના સંનિષ્ઠ પ્રયાસમાં લાગી છે. રાજ્યમાં ખેતીને ઉદ્યોગનો દરજ્જો આપવા સરકાર અનેક પગલાં લઈ રહી છે. પરંતુ સાબરકાંઠા, અરવલ્લીમાં સિંચાઈની માળખાગત સુવિધા અંધાધૂંધ છે ત્યાં સુધી સરકારનું સમણું સાકાર થશે કે કેમ..?? તેવા સવાલ થયા છે. ઉત્તર ગુજરાતની જીવાદોરી સમી સુજલામ સ્પ્રેડીંગ કેનાલ નવેસરથી મરામત માગી રહી છે. વાત્રક, માઝૂમ, મેશ્વો દ્વારા સિંચાઈનાં પાણી ખેડૂતોને અપાય છે પરંતુ તેમાંની મોટાભાગની કેનાલો જર્જરીત હોવાથી સરકારનો સાચો હેતુ બર આવતો નથી. ઉદ્યોગના વિકાસ માટે ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા માટે રોડનું સારૂ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવાનું જોઈએ તે રીતે ખેતીને ઉદ્યોગ સમકક્ષનો દરજ્જો આપવા વીજળીની સાથે સિંચાઈની સુગમ સવલતો આપ્યા પછી જ સરકારનાં સ્વપ્નાં સાકાર થશે. જિલ્લામાં આઝાદી પછી પણ ૫૦ ટકા જમીનો સિંચાઈના લાભથી વંચિત છે. કડવી વાસ્તવિક્તા સ્વીકારવી અઘરી છે. રાજ્ય સરકાર દ્વારા ખેતીને ઉદ્યોગનો દરજ્જો આપવા માટે સબસીડી સહિતના અનેક લાભો આપવાની મુખ્ય મંત્રીએ જાહેરાત કરી છે પરંતુ આ લાભ કોને મળશે..?? જિલ્લાના હજારો ખેડૂતો આજે પણ આકાશી ખેતી ઉપર નભી રહ્યા છે. તેમને સિંચાઈની પૂરતી સવલત આપવી પડશે ત્યારબાદ વાત્રક જળાશય યોજનાની મોટાભાગની કેનાલો જર્જરીત છે. માંડ આચમન જેટલું સમારકામ થાય છે. જેના કારણે વારંવાર કેનાલમાં ગાબડાં પડી રહ્યાં છે જેથી ખેડૂતોને સિંચાઈનો લાભ મળતો નથી અને કિંમતી લાખો ગેલન પાણી વેડફાઈ જતું હોય છે. આ માત્ર વાત્રક જળાશય યોજનાની ફરિયાદ નથી. જિલ્લામાં આવેલી તમામ સિંચાઈ યોજનાની કેનાલો હવે ઘરડી થઈ ગઈ છે. હાઈટેક ટેકનોલોજી તરફ વળેલી સરકારે હવે નવેસરથી કેનાલો બનાવી છેવાડાના ખેડૂતને સિંચાઈનો લાભ મળે તેવી સુદ્રઢ વ્યવસ્થા ઉભી કરશે તો જ ખેતીને સાચા અર્થમાં ઉદ્યોગનો દરજ્જો પ્રાપ્ત થશે.

ડીસાના સમશેરપુરા ખાતે રબારી સમાજના પ્રથમ સમૂહ લગ્નોત્સવમાં ૩૧ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડ્યા

ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ એ પોતાની દીકરીને સમૂહ લગ્નમાં જોડીને અનોખી પહેલ કરીઃ રબારી સમાજને કુરીવાજોને તિલાંજલિ આપી શિક્ષણ તરફ આગળ વધવા હાકલ

ડીસા, તા. ૧૭ ૨૧ મી સદીમાં દેશભરમાં શિક્ષણનો મહિમા વધી રહ્યો છે ત્યારે રૂઢિચુસ્ત રબારી સમાજ એ પણ સામાજીક કુરીવાજો ને બાજુ પર મુકીને દિકરા દિકરીઓને શિક્ષણ તરફ આગળ વધવા માટે રવિવારે ડીસાના સમશેરપુરા ખાતે યોજાયેલા રબારી સમાજ ના પ્રથમ સમૂહ લગ્નોત્સવ માં સંતો-મહંતો સહિત આગેવાનો એ હાકલ કરી હતી. રબારી સમાજ માં લગ્ન પાછળ થતાં મસમોટા ખર્ચાઓ પર કાપ મુકવા તેમજ રૂઢિચુસ્ત સમાજ કુરીવાજો ને ભુલી સમૂહ લગ્ન માં જોડાય તે માટે રબારી સમાજ ના આગેવાન, શ્રી એમ.એમ.દેસાઈ શૈક્ષણિક સંકુલ ના ૧૦ વિઘા જમીન ના ભૂમિ દાતા, સમૂહ લગ્ન માં ભોજન અને મંડપ દાતા તેમજ ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ એ પોતાની એક ની એક દીકરી ને સમૂહ લગ્ન માં લગ્ન કરાવીને રબારી સમાજ માં એક અનોખી પહેલ કરી છે ત્યારે રવિવારે રબારી ગોપાલક છાત્રાલય ડીસા સંચાલિત શ્રી એમ.એમ.દેસાઈ શૈક્ષણિક સંકુલ સમશેરપુરા ખાતે રબારી સમાજ નો પ્રથમ સમૂહ લગ્નોત્સવ માં ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ, સાંસદ પરબતભાઈ પટેલ, પૂર્વ સાંસદ સાગરભાઈ રાયકા, પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારી, ભોજન દાતા અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ, ડીસા ધારાસભ્ય શશીકાંત પંડયા, પૂર્વ મંત્રી રણછોડભાઈ રબારી, કેશાજી ચૌહાણ, હરીભાઈ ચૌધરી, સંસ્થા ના પ્રમુખ રેવાભાઈ દેસાઈ,

સહિત આગેવાનો ની ઉપસ્થિતિમાં ૩૧ નવદંપતિઓ એ પ્રભુતામાં પગલાં માંડી શુભ સંસાર ની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે કનીરામ બાપુ, જયરામગીરી બાપુ સહિત સંતો મહંતો એ આશીર્વાદ આપ્યા હતા. રબારી સમાજ દ્વારા સમૂહ લગ્ન માં દાન આપનાર દાતાઓ નું શાલ, પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. રબારી સમાજના પ્રથમ સમૂહ લગ્નોત્સવ ને સફળ બનાવવા માટે રબારી ગોપાલક છાત્રાલય ડીસાના ટ્રસ્ટીઓ, રબારી સમાજના આગેવાનો અને યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

માવજીભાઈ દેસાઈને પહેલને સમાજ કયારેય નહી ભુલે

ડીસા રબારી સમાજ ના પ્રથમ સમૂહ લગ્ન માં માવજીભાઈ દેસાઈ એ પોતાની ક ની એક દિકરી ને સમૂહ લગ્ન માં જોડીને એક અનોખી પહેલ કરી છે જેને રબારી સમાજ કયારેય નહી ભુલે તેમ ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર.પાટીલે જણાવ્યું હતું.

કુરિવાજ અને ખોટા ખર્ચાઓ બંધ થશે

મોંઘવારી ના સમયમાં રબારી સમાજ માં લગ્નો પાછળ થતાં મસમોટા ખર્ચાઓ બંધ થાય અને કુરીવાજોને ને નેસ્ત નાબુદ કરવા માટે રબારી સમાજ ના સાથ સહકાર થી સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવ્યો હતો અને આગામી સમયમાં પણ દર વર્ષે રબારી સમાજ સમૂહ લગ્ન માં જોડાઈને આ અભિયાન નેઆગળ વધારવામાં આવશે તેમ રબારી સમાજ ના આગેવાન અને ડીસા માર્કેટયાર્ડ ના ચેરમેન માવજીભાઈ દેસાઈ એ જણાવ્યું હતું.

કાયદો અને કાનૂન ● અનુસંધાન ચોથાનું ચાલુ...

થાય છે. આથી, ગુન્હાઓની તપાસમાં ગુન્હેગારો સુધી પહોંચવામાં પોલીસને ખુબ જ મુશ્કેલી પડે છે અથવા યોગ્ય પુરાવાના અભાવે સક્ષમ ન્યાયાલયમાં ગુન્હાઓને સાબિત કરવામાં મુશ્કેલી ઉભી થાય છે. કોઈપણ રાજ્યનો વિકાસ ત્યારે જ ઝડપી બને, જ્યારે રાજ્યમાં શાંતિ પ્રવર્તતી હોય. ગુજરાતની શાંતિ જળવાઈ રહે તે માટે રાજ્ય સરકારે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા પોલીસ તંત્ર દ્વારા ટેકનોલોજીકલ ઉપકરણો, ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને ફોરેન્સિક વિજ્ઞાનના અસરકારક ઉપયોગથી જાહેર સુલેહ શાંતિ જાળવવામાં અથાગ પ્રયત્નો થકી જવલંત સફળતા મેળવી છે. ગુજરાતમાં વિકાસ સાથે ઝડપી ઉદ્યોગીકરણ, શહેરીકરણ, અને ધંધાકીય પ્રવૃત્તિઓનું વિસ્તરણ થઈ રહ્યું છે. જેનાં કારણે નાની-મોટી ગુનાહીત પ્રવૃત્તિઓ પણ ઉદ્દભવે છે. આવી ગુનાહિત પ્રવૃત્તિઓ માટે વાણિજ્યક અને ઔદ્યોગિક તેમજ ધાર્મિક તેમજ શૈક્ષણિક સંસ્થાઓ, ખેલકૂદ સંકૂલો, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન તેમજ લોકો એકત્રિક થતાં હોય તેવા સભા સ્થળો તેવા સ્થળો પર ગુનો બનવાની શક્યતા વધુ રહે છે. તેવાં સ્થળે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જાહેર-ખાનગી ભાગીદારીથી રાજ્યની સુરક્ષાને વધુ મજબૂત બનાવવા આ વિધેયકનો આગામી સમયમાં અમલ કરવામાં આવશે. જેનાથી હિટ એન્ડ રનનાં કેસો, અકસ્માતનાં કેસો, તેમજ તહેવાર સમયે સરઘસો, જૂલુસ તથા રેલીઓ સમયે લોક સુરક્ષા માટે તેમજ જનરલ ટ્રાફીકનાં નિયમન માટે આનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત અપહરણનાં કેસો, ચોરી તથા લૂંટનાં કેસોની તપાસમાં તેમજ ખોવાયેલા બાળકોની તપાસમાં પણ સીસીટીવી કેમેરા સર્વેલન્સની કામગીરીથી કાયદો અને વ્યવસ્થાની જાણવણી કરવાની સાથે ટ્રાફિક નિયમન તેમજ ગુના સંસોધનનાં ત્રિવિધ હેતુઓ વિશ્વાસ પ્રોજેક્ટનાં ફેઝ-૧નાં અમલીકરણ બાદ ફેઝ-રનો અમલ કરવામાં માટે રાજ્યની ૫૧ નગરપાલીકાઓમાં પણ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાનું આયોજન છે. ફેઝ-રમાં ર૦૩૩ લોકેશનો ઉપર ૯૦૦૦ કેમેરા લગાવવાનું આયોજન છે. તેમજ સરહદનાં આવવા-જવાનાં રસ્તા પર તથા અન્ય રાજ્યને જોડતી બોર્ડર પર આ પ્રકારનાં કેમેરા લગાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જાહેર સુરક્ષા, સલામતીની જાણવણી માટે જન ભાગીદારીથી નાગરિકોની સુરક્ષા, સલામતી વધારવાનાં હેતુથી સી.સી.ટી.વી. કેમેરા આધારિત સર્વેલન્સથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી વધુ અસરકારક બનાવવામાં આવશે. તે માટે જાહેર ગુજરાત જાહેર સલામતી અમલીકરણ વિધેયક-૨૦૨૨ પસાર કરવામાં આવ્યું છે. તેનો અમલ ટૂંક સમયમાં ગુજરાતમાં કરવામાં આવશે. જે માટે પબ્લિક સેફટી કમિટીની નિમણૂક કરવામાં આવશે અને કાર્યક્ષેત્ર હેઠળ પેટા સમિતિઓની રચના પણ કરવામાં આવશે. આ કમીટી દ્વારા સંસ્થામાં નોટીસ આપી બે દિવસ અગાઉ જાણ કરી સુરક્ષાની ચકાસણી કરવામાં આવશે અને જો તેમાં ખામી જણાય તો રૂા. ૧૦,૦૦૦ દંડ ત્યારબાદ રૂા. ૨૫,૦૦૦/- સુધીનાં દંડની જોગવાઈ કરવામાં આવી છે. દંડ બાબતે અસંતોષ હોય તો હુકમનામાંની તારીખથી ૩૦ દિવસની અંદર જીલ્લા મેજીસ્ટ્રેટને અપીલ કરવાની રહેશે. જો કોઈ સંસ્થા દંડ ચૂકવણીમાં નિષ્ફળ જાય તો દંડની રકમ જમીન મહેસૂલની બાકી રકમ તરીકે વસૂલ કરવાની જોગવાઈ રાખવામાં આવી છે. નાગરિકોની સલામતી માટે ગુજરાત જાહેર સલામતી અમલીકરણ વિધેયક-૨૦૨૨ લાગુ કરવામાં આવશે.

Mo. 982524 50191
info@trivediassociates.in